L09003717540-18/07/2014
Branch : E&A
Office : Head Office
Priority : Routine Letters
Label

ક્રમાંક/જીઆઈડીસી/કા.નિ/વસુલાત/૧૯
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
ઉદ્યોગભવન,ગાંધીનગર
તારીખ::- ૧૬-૦૭-૨૦૧૪

# // પરિપત્ર //

વિષય::- કબ્જો પરત આપવાની (રીસ્ટોરેશન) ની હયાત નીતિમાં સમયબંધી સ્કીમ જાહેર કરેલ તેમાં સમય મર્યાદા વધારી આપવા બાબત

વંચાણમાં લીધુ ::- પરિપત્ર તા.૭-૧૧-૨૦૧૩ અને તા.૧૮-૧૨-૨૦૧૩ અન્વયે.

કબજો પરત આપવાની (રીસ્ટોરેશન)ની હયાત નીતિમાં ફેરફાર કરવા બાબતે તા.૨૦-૦૬-૨૦૧૪ ના રોજ મળેલ નિગમની ૪૭૬મી સભામાં કાર્યસુચિ ક્રમાંકઃ૩૬/જીઆઈડીસી/વસુલાત/૪૭૬ થી રજુ કરવામાં આવેલ. કાર્યસૂચિ અનુસંધાને ઠરાવ ક્રમાંક ૩૬/વસુલાત/૪૭૬ થી કબજો પરત આપવાની (રીસ્ટોરેશન)ની હયાત નીતિમાં સમયબંધી સ્કીમ જાહેર કરેલ તેમાં સમય મર્યાદા વધારી આપવા બાબતે, નીચે મુજબની સ્કીમ જાહેર કરવામાં આવે છે.

નિગમે ઉપરોકત પરિપત્ર દ્વારા કબ્જો પરત સોંપવાની (રીસ્ટોરેશન) ની પ્રવર્તમાન નીતિમાં ફેરફાર કરતી સમયબધ્ધ સ્કીમની જાહેરાત કરવામાં આવેલ. આ સ્કીમમાં (૧) અરજી કરવા પાત્રતા ધરાવતા અરજદારો તેમજ અરજી કરવાની તારીખ (૨) મળેલ અરજીઓને પ્રોસેસ કરવાની સમય મર્યાદા (૩) અરજદાર પાસેથી સ્કીમ મુજબ વસુલાત પાત્ર રકમ વિગેરે શરતોની વિગતવાર છણાવટ કરવામાં આવેલ છે.

આ સ્કીમ મુજબ જે કોઈ અરજદાર પોતાની મિલ્કતનો કબ્જો નિગમ પાસેથી પરત મેળવવા ઈચ્છતા હોય તેઓએ પોતાની અરજી નિગમને તા.૩૧-૧૨-૨૦૧૩ સુધી નિગમની જે તે ક્ષેત્રિય કચેરીએ મળી રહે તે રીતે કરવાની થતી હતી. ક્ષેત્રિય કચેરીઓએ પોતાને મળેલ આવી તમામ અરજીઓ જરૂરી કાર્યવાહી અને પૂર્તતા કરી નિર્ણય અર્થે તા.૩૧-૧-૨૦૧૪ સુધીમાં હેડ ઓફિસે મોકલી આપવાની રહેતી હતી અને આવી તમામ અરજીઓ ઉપર તા.૩૧-૩-૨૦૧૪ સુધીમાં હેડ ઓફિસે જરૂરી નિર્ણય લેવાનો રહેતો હતો.

એફ.આઈ.એ. દ્વારા નિગમને પ્રાપ્ત રજુઆતમાં જણાવવામાં આવેલ છે કે, આ સ્કીમ અંતર્ગત અરજી કરવા માટે અરજદારને ખૂબ ટૂંકી સમય મર્યાદા પ્રાપ્ત હોવાને લીધે સંખ્યાબંધ ફાળવણીદારો આપેલ સમય મર્યાદામાં પોતાની અરજી કરી શકેલ નથી અને આવા વંચિત રહી ગયેલ ફાળવણીદારોને ન્યાય મળી રહે તે માટે સમયબધ્ધ સ્કીમની સમય મર્યાદામાં વધારો કરવા ભારપૂર્વક રજુઆત કરવામાં આવેલ.

ઉપરોકત હકીકતને ધ્યાને લઈ, વંચિત રહી ગયેલ ફાળવણીદારો પોતાની મિલ્કત પરત મેળવવા અરજી કરી આ સ્કીમનો લાભ લઈ શકે તે માટે આ સ્કીમની સમય મર્યાદા નીચે મુજબ લંબાવવામાં આવે છે.

તે ઉપરાંત જે કિસ્સામાં મિલ્કતનો કબ્જો નિગમે પરત મેળવેલ હોય પરંતુ સ્થળ ઉપર મૂળ ફાળવણીદાર ગેરકાયદેસર રીતે પોતાનું એકમ ચલાવતા હોય અને તે ફાળવણીદાર આ સ્કીમનો લાભ લેવા માંગતા હોય તો તેવા કિસ્સામાં નીચે જણાવેલ મુદ્દા નંબર-૭ માં જણાવેલ વધારાની રકમ વસુલ લઈ તેઓને આ સ્કીમનો લાભ આપી શકાશે.

તે ઉપરાંત જે કિસ્સાઓમાં મૂળ ફાળવણીદારનુ અવસાન થઈ ગયેલ હોય અને તેઓના કાયદેસરના વારસદારો આ નીતિ અંતર્ગત નિગમે મૂળ ફાળવણીદારની પરત લીધેલ મિલ્કતનો કબ્જો પુન : પરત મેળવવા માંગતા હોય તેવા કિસ્સાઓમાં મૂળ ફાળવણીદારના કાયદેસરના વારસદારોને તેઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ દસ્તાવેજો ચકાસી ગુણદોષના આધારે આ નીતિ અંતર્ગત મિલ્કતનો કબ્જો પુન : પરત સોંપી તેઓના નામે મિલ્કત તબદીલ કરી શકાશે.

(૧) આ નીતિ અંતર્ગત અરજી કરવા માંગતા ફાળવણીદારોએ પોતાની અરજી નિગમની જે તે ક્ષેત્રિય કચેરીએ તા.૧૫-૧૦-૨૦૧૪ સુધીમાં મળી જાય તે રીતે કરવાની રહેશે. તા.૧૫-૧૦-૨૦૧૪ પછી પ્રાપ્ત થનાર અરજી ઉપર કોઈપણ જાતની કાર્યવાહી કરવાની રહેશે નહીં.

(૨) નિગમની ક્ષેત્રિય કચેરીઓ દ્વારા તેઓએ આ નીતિ અંતર્ગત વસુલાત / વણવપરાશી રાહે પરત મેળવેલ મિલ્કતનો કબ્જો પુનઃ પરત સોંપવા માટે જે કોઈ અરજી મળે તે તમામ અરજીઓ અરજી મળ્યા બાદ મોડામાં મોડી તા.૩૧-૧૦-૨૦૧૪ સુધીમાં તમામ પૂર્તતા સાથે જરૂરી મંજુરી મેળવવા માટે નિગમની વડી કચેરીએ મોકલી આપવાની રહેશે.

(૩) ક્ષેત્રિય કચેરીમાં કાર્યરત દરેક વિભાગીય પ્રબંધક તેમજ પ્રાદેશિક મેનેજરોએ તા.૩૧-૧૦-૨૦૧૪ ના રોજ પ્રમાણપત્ર આપવાનું રહેશે કે, મિલ્કતનો કબજો પુન : પરત સોંપવા માટેની કોઈપણ અરજી તેઓની કચેરીમાં પડતરમાં નથી અને તેઓએ તેમને મળેલ તમામ અરજીઓ નિર્ણય અર્થે વડી કચેરીને મોકલી આપેલ છે.

(૪) વડી કચેરીની વસુલાત શાખા દ્વારા તેઓને પ્રાપ્ત થનાર તમામ અરજીઓ ઉપર અરજી મળ્યેથી તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં નિર્ણય મેળવી તેને ક્ષેત્રિય કચેરીએ પરત મોકલી આપવાની રહેશે.

(૫) આ નીતિ અંતર્ગત જે કોઈ કિસ્સામાં મિલ્કત પુનઃ સોંપણીનો હુકમ કરવામાં આવે તે કિસ્સામાં ફાળવણીદારે હુકમ મળ્યાના ૩૦ દિવસની સમય મર્યાદામાં જરૂરી નાણાં નિગમમાં ભરી દેવાના રહેશે. જે કોઈ કિસ્સામાં આ સમય મર્યાદામાં નાણાં ન ભરવામાં આવે તેવા કિસ્સાઓ મિલ્કત પુનઃ સોંપણીનો હુકમ આપોઆપ રદબાતલ ગણવાનો રહેશે.

(૬) મિલ્કતનો કબ્જો પુનઃપરત સોંપણી અંગેની સમયબધ્ધી નીતિ વિશેના નિગમના તા.૭-૧૧-૨૦૧૩ ના પરિપત્રમાં દર્શાવેલ સમય મર્યાદામાં ઉપરોક્ત સુધારા સિવાયની તમામ શરતો યથાવત્ રહેશે.

(૭) જે કિસ્સાઓમાં મિલ્કતનો કબજો વસુલાત કે વણવપરાશી રાહે જી.પી.પી.એક્ટ-૧૯૭૨ હેઠળની કાર્યવાહી કરી નિગમે પરત મેળવેલ હોય પરંતુ સ્થળ ઉપર મૂળ ફાળવણીદાર ગેરકાયદેસર રીતે આજે પણ તેઓનું એકમ ચલાવતા હોય અને તે રીતે સ્થળ ઉપર મૂળ ફાળવણીદારનો ગેરકાયદેસર કબ્જો હોય તેવા કિસ્સાઓમાં જો મૂળ ફાળવણીદાર આ નીતિ અંતર્ગત પોતાની મિલ્કત પરત સોંપણી માટે અરજી કરે તો ગુણદોષના આધારે આ નીતિ અંતર્ગત વસુલવાની થતી રકમ ઉપરાંત વર્તમાન ફાળવણીદારના ૧૫ % રકમ વધુ લઈ આવા ફાળવણીદારને વિધિવત્ રીતે તેઓની મિલ્કતનો કબજો પુનઃ પરત આપી શકાશે.

આ પરિપત્રનો ચુસ્તપણે અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે તથા આ પરિપત્ર મળ્યા અંગેની પહોચ કાર્યપાલક નિયામક શ્રી (વસુલાત) ને નામજોગ પાઠવવી.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

૧) નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.

૨) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારુ

૩) નિગમની તમામ વસાહતોના માન્ય ઔધ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારુ.

૪) મેનેજરશ્રી(એસ.એન્ડ એ.) જીઆઈડીસી,ગાંધીનગર તરફ સદર પરિપત્ર વેબસાઈટ પર મુકવા સારુ.

રવાના કર્યુ,

કાર્યપાલક નિયામક(જીગ્નેશ...)

જીઆઈડીસી,ગાંધીનગર

TO
PROGRAMEER